For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ‘અમારો હક ક્યાં?’ ના નારા સાથે રસ્તા વચ્ચે જ પ્રમુખનો ઘેરાવો કરાયો

# કોંગ્રેસમાં ટિકિટ મુદ્દે ભડકો: પ્રચારમાં નીકળેલા શહેર પ્રમુખની ગાડી રોકી મુસ્લિમ કાર્યકરોનો હલ્લાબોલ

**ટિકિટ** વહેંચણીમાં અવગણના થતા સવાલોનો મારો ચલાવી ન્યાયની માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ટિકિટ વહેંચણીને લઈને કોંગ્રેસમાં આંતરિક વિખવાદ વધુ ઘેરો બન્યો છે. બુધવારે મોડી સાંજે વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ જ્યારે પોતાની ગાડીમાં સવાર થઈને પ્રચાર અર્થે નીકળ્યા હતા, ત્યારે મુસ્લિમ સમાજના લોકો અને કાર્યકરોએ રસ્તામાં જ તેમની ગાડી રોકીને ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઉશ્કેરાયેલા લોકોએ શહેર પ્રમુખની ગાડીને ચારે બાજુથી ઘેરી લીધી હતી અને ટિકિટ વહેંચણીમાં થયેલા અન્યાય મુદ્દે સવાલોનો મારો ચલાવ્યો હતો.

ઘટનાની વિગતો અનુસાર, શહેર પ્રમુખ જ્યારે કોઈ વિસ્તારમાં પ્રચાર માટે જઈ રહ્યા હતા, ત્યારે મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. તેમણે પ્રમુખનો કાફલો રોકીને ટિકિટ વહેંચણીમાં મુસ્લિમ ઉમેદવારોની અવગણના કેમ કરવામાં આવી તે અંગે ઉગ્ર જવાબ માંગ્યા હતા. રસ્તા વચ્ચે સર્જાયેલા આ હાઈવોલ્ટેજ ડ્રામાને કારણે થોડો સમય માટે ટ્રાફિક પણ ખોરવાયો હતો. કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે વર્ષોથી વફાદાર રહેલા મુસ્લિમ કાર્યકરોને બદલે અન્ય લોકોને ટિકિટ આપીને પક્ષે અન્યાય કર્યો છે.



ગાડીમાં સવાર શહેર પ્રમુખ સમક્ષ લોકોએ ‘ન્યાય આપો’ અને ‘જવાબ માંગો જવાબ’ના સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ કરી રહેલા લોકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, “અમે પક્ષ માટે લોહી-પરસેવો એક કરીએ છીએ અને જ્યારે પ્રતિનિધિત્વની વાત આવે છે ત્યારે અમને કેમ નજરઅંદાજ કરવામાં આવે છે?” કેટલાક લોકોએ તો ગાડીના બોનેટ સુધી પહોંચીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી અને ટિકિટના સોદાબાજી અંગેના ગંભીર સવાલો પણ પૂછ્યા હતા.

વડોદરા શહેર પ્રમુખે ગાડીમાં રહીને જ કાર્યકરોને સમજાવવાનો અને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આક્રોશ એટલો વધુ હતો કે લોકો કશું જ સાંભળવા તૈયાર નહોતા. અંતે, પરિસ્થિતિ વધુ ન વણસે તે માટે અન્ય નેતાઓએ દરમિયાનગીરી કરવી પડી હતી. ચૂંટણી ટાણે જ શહેર પ્રમુખનો આ રીતે જાહેરમાં રસ્તા પર ઘેરાવો થવાની ઘટનાએ વડોદરાના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

### મંદિર પરિસરમાં પત્રિકા વહેંચવા બાબતે ભારે હોબાળો

# વારસિયામાં ભાજપ ઉમેદવારના પિતાએ કોંગ્રેસ મહિલા કાર્યકરોને ધક્કા માર્યાનો આક્ષેપ

**ભાજપ** ઉમેદવારના પિતા અને કોંગ્રેસની મહિલાઓ સામસામે

(પ્રતિનિધિ) વડોદરા તા.23

રાજ્યમાં ચૂંટણીનો માહોલ ગરમાયો છે ત્યારે વડોદરાના વારસિયા વિસ્તારમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. શહેરના વોર્ડ નંબર 6 હેઠળ આવતા વારસિયા વિસ્તારમાં પ્રચાર દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી જતાં ભારે અફરાતફરી સર્જાઈ હતી. ખાસ કરીને ભાજપના ઉમેદવારના પિતા અને કોંગ્રેસની મહિલા કાર્યકરો વચ્ચે થયેલી બોલાચાલી અને ધક્કામુક્કીના દ્રશ્યોએ સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચાવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વારસિયા વિસ્તારમાં આવેલા પ્રેમાનંદ મંદિરમાં ચોથના પવિત્ર અવસર પર મોટા



ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. આ તકનો લાભ લઈ કોંગ્રેસના મહિલા કાર્યકરો મંદિર પરિસરમાં મતદારોને જાગૃત કરવા માટે પત્રિકા (પેમ્પ્લેટ) વિતરણ કરી રહ્યા હતા. આ દરમિયાન વોર્ડ નંબર 6 ના ભાજપના ઉમેદવાર પવન હેમનાનીના પિતા ત્યાં પહોંચ્યા હતા અને મંદિરની અંદર પત્રિકા વહેંચવા બાબતે ઉગ્ર વાંધો ઉઠાવ્યો હતો.

ઘટના સ્થળ પરથી સામે આવેલા દ્રશ્યોમાં જોવા મળે છે કે, ભાજપના ઉમેદવારના પિતાએ કોંગ્રેસની મહિલા કાર્યકરોને પત્રિકા વહેંચતા અટકાવી હતી અને તેમને મંદિરની બહાર નીકળી જવા જણાવ્યું હતું. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મહિલા કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે તેમને ધક્કા મારીને અપમાનિત કરવામાં આવ્યા છે. “તમે ધક્કો કેમ માર્યો?” તેવા સવાલો સાથે મહિલાઓએ રોષ વ્યક્ત કર્યો હતો, જ્યારે સામે પક્ષે મંદિરની ગરિમા જાળવવા અને ત્યાં પ્રચાર ન કરવા માટે દલીલ કરવામાં આવી હતી.

મંદિર પરિસરમાં બનેલી આ ઘટનાના વિડિયો અત્યારે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે. વિડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કઈ રીતે રાજકીય પ્રચારના મુદ્દે શ્રદ્ધાળુઓની હાજરીમાં જ મામલો બિચક્યો હતો.

### આખું વર્ષ ન ભણીને પાસ ન થઈ શકનારા વિદ્યાર્થીઓ બે માસમાં કેવી રીતે પાસ થશે તે પ્રશ્ન

# ધો.5થી 8માં નાપાસ વિદ્યાર્થીની પુન: પરીક્ષા લઈને પાસ કરવાના કારણે નાપાસની નીતિ કાગળ પર

**વધારાનું** શિક્ષણ આપીને તેની ફરીવાર પરીક્ષા લઈને જો પાસ થતાં હોય તો આગળના વર્ષમાં મોકલી આપવાના રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા અને વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે ગંભીરતા વધારવા માટે સરકાર દ્વારા ધોરણ 5થી 8 સુધી નાપાસ કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવી હતી. આ નીતિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ડર રહે, તેઓ નિયમિત અભ્યાસ કરે અને વાંચન-લેખનની ક્ષમતા મજબૂત બને તેવો હતો. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે બહાર પાડવામાં આવતા પૂરક પરીક્ષાના પરિપત્રને કારણે આ નીતિના મૂળ હેતુ પર જ પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

**ધો. 5 અને 8માં નાપાસ કરવાની નીતિનો ફિયાસ્કો થાય તેવી સ્થિતિ**

ધોરણ 5 અને 8માં નાપાસ કરવાની નીતિ અમલમાં મુકાઈ હોવા છતાં, બે માસના વધારાના શિક્ષણ બાદ લેવામાં આવતી પૂરક પરીક્ષા કારણે નીતિનો ફિયાસ્કો થવાની શક્યતા છે. શિક્ષણવિદોના મતે, શાળાઓ અંતે વિદ્યાર્થીઓને પાસ કરવાની દિશામાં જ આગળ વધે છે, જેના કારણે નીતિનો મૂળ હેતુ સિદ્ધ થતો નથી.

અગાઉ રાજ્યમાં ધોરણ 1થી 8 સુધી કોઈપણ વિદ્યાર્થીને નાપાસ ન કરવાની નીતિ અમલમાં હતી. જેના પરિણામે અનેક વખત એવા કિસ્સાઓ સામે આવ્યા હતા કે ધોરણ 5 સુધી પહોંચ્યા પછી પણ કેટલાક વિદ્યાર્થીઓને વાંચતા-લખતા આવડતું ન હતું. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે ધોરણ 5થી 8 સુધી નાપાસ કરવાની નીતિ અમલમાં મૂકી હતી, જેથી વિદ્યાર્થીઓમાં અભ્યાસ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસે.

આ નીતિ અમલમાં આવ્યા બાદ જે વિદ્યાર્થીઓ નાપાસ થાય છે તેમના માટે શિક્ષણ વિભાગે ખાસ વ્યવસ્થા પણ કરી છે. તે મુજબ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે માસ સુધી વધારાનું શિક્ષણ આપ્યા બાદ તેમની ફરી પરીક્ષા લેવામાં આવે છે. જો વિદ્યાર્થી આ પરીક્ષામાં પાસ થાય, તો તેને આગળના ધોરણમાં મોકલી આપવામાં આવે છે. પરંતુ શિક્ષણવિદો આ વ્યવસ્થાને લઈને સવાલો ઉઠાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે જે વિદ્યાર્થી આખા વર્ષ દરમિયાન યોગ્ય રીતે અભ્યાસ કરીને પાસ થઈ શક્યો નથી, તે માત્ર બે માસના વધારાના અભ્યાસથી કેવી રીતે તૈયાર થઈને પાસ થઈ શકે? આ મુદ્દે તેઓ માને છે કે આ પ્રક્રિયા માત્ર ઔપચારિક બની રહી છે. વધુમાં, શાળાઓ પર પણ દબાણ રહે છે કે નાપાસ થયેલા વિદ્યાર્થીઓને અંતે પાસ કરવાના જ હોય છે. જેના કારણે ઘણી શાળાઓ વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરવાને બદલે કોઈપણ રીતે પાસ કરીને આગળના ધોરણમાં મોકલી દેવાનું પસંદ કરે છે. પરિણામે નાપાસ કરવાની નીતિનો અમલ માત્ર કાગળ પર જ સીમિત રહી જાય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે.. શિક્ષણવિદોના મતે, જો આ નીતિને અસરકારક બનાવવી હોય તો પૂરક પરીક્ષાની વ્યવસ્થા વધુ સખત અને ગુણવત્તાસભર બનાવવી જરૂરી છે. નહિંતર, વિદ્યાર્થીઓને વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત કરાવવાનો હેતુ અધૂરો રહી જશે.

### વડોદરા જિલ્લા ભાજપની ગંભીર બેદરકારી

# વિવાદાસ્પદ નગરસેવકના ઘરે પ્રદેશ અધ્યક્ષને લઈ જવાતા આશ્ચર્ય : ગુપ્તચર તંત્ર પણ સતર્ક

**હથિયાર** પરવાના કૌભાંડમાં પૂછપરછનો સામનો કરી ચૂકેલા નગરસેવકની સાથે પ્રદેશ નેતાની તસવીરો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.23

ભારતીય જનતા પાર્ટી જેવી શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીમાં વડોદરા જિલ્લા સંગઠનની એક ગંભીર ચૂક હાલમાં રાજકીય ગલીઓમાં ચર્ચાનો વિષય બની છે. રાજ્યની સુરક્ષા સાથે ચેડાં કરતા હથિયાર પરવાના કૌભાંડમાં એટીએસ દ્વારા પૂછપરછનો સામનો કરનાર કરજણ પાલિકાના નગરસેવક ગોકુલ ભરવાડના ઘરે પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની આગતા-સ્વાગતા કરાવીને જિલ્લા ભાજપે માત્ર પ્રદેશ અધ્યક્ષનું જ નહીં, પરંતુ પક્ષનું પણ જાહેરમાં ‘નીચાજોણું’ કરાવ્યું છે.

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે એટીએસ દ્વારા નકલી દસ્તાવેજોના આધારે હથિયારના પરવાના મેળવતા મોટા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. આ કેસના રિંગ લીડર્સ મુકેશ બાંભા અને શૌકત અલીની પૂછપરછમાં અનેક ચોંકાવનારા નામ બહાર આવ્યા હતા, જેમાં કરજણના નગરસેવક ગોકુલ ભરવાડ, ગોત્રીના મુન્ના ભરવાડ અને અન્ય બે શખ્સોના નામ મુખ્યત્વે સામેલ હતા. જે વ્યક્તિ સામે રાજ્યની સુરક્ષા એજન્સીઓ તપાસ કરી રહી હોય અને જેના નિવેદનો નોંધાયા હોય, તેવી વ્યક્તિના ઘરે પ્રદેશ અધ્યક્ષને લઈ જવા એ સંગઠનની ઘોર બેદરકારી કે પછી કોઈ મોટા ષડયંત્રનો ભાગ છે ? તેવો પ્રશ્ન હવે કાર્યકર્તાઓમાં ઉઠી રહ્યો છે.

સવાલ એ થાય છે કે, શું જિલ્લા ભાજપના અધ્યક્ષ, મહામંત્રીઓ અને સંગઠનના હોદ્દેદારો ગોકુલ ભરવાડની ‘કુંડળી’થી અજાણ હતા ? કે પછી જાણી-જોઈને પ્રદેશ અધ્યક્ષને અંધારામાં રાખીને પોતાની રાજકીય તાકાત બતાવવાનો પ્રયાસ કર્યો હતો



? જ્યારે પ્રદેશ સ્તરેથી કાર્યકર્તાઓના ચારિત્ર્ય શુદ્ધિની વાતો થતી હોય, ત્યારે સ્થાનિક સંગઠન દ્વારા કરવામાં આવેલી આ ભૂલ સંગઠનની કાર્યપદ્ધતિ પર મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભાં કરે છે.

રાજ્યની ગુપ્તચર એજન્સીઓના ચોપડે જેનું નામ શંકાસ્પદ લિસ્ટમાં હોય, તેની સાથે પ્રદેશ અધ્યક્ષની તસવીરો વાયરલ થતાં જ વહીવટી અને રાજકીય વર્તુળોમાં દોડધામ મચી ગઈ છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે વડોદરા જિલ્લા ભાજપમાં ‘કોણ શું કરી રહ્યું છે’ તેના પર નેતૃત્વનું કોઈ નિયંત્રણ નથી. ફોટોગ્રાફની આ સચ્ચાઈએ પ્રદેશ અધ્યક્ષની છબીને પણ વિવાદમાં ધકેલી દીધી છે.

આ સમગ્ર મામલે સોશિયલ મીડિયા પર લોકો કટાક્ષ કરી રહ્યા છે કે, ભાજપમાં હવે ગુનેગારોને આવકાર આપવાનું અભિયાન ચાલી રહ્યું છે કે શું ? કરજણ પાલિકાના આ નગરસેવકના ઘરે થયેલી અધ્યક્ષની મુલાકાત બાદ હવે પ્રદેશ મોવડીમંડળ વડોદરા જિલ્લા સંગઠનના જવાબદાર હોદ્દેદારો પાસેથી જવાબ તલબ કરે છે કે કેમ, તે જોવું ખૂબ જ મહત્વનું બની રહેશે. વડોદરા જિલ્લા ભાજપ માટે આ એક એવી ‘આત્મઘાતી’ ભૂલ છે, જે આવનારા સમયમાં સંગઠનાત્મક માળખામાં મોટા ફેરફારો નોંતરી શકે છે. પક્ષના શિસ્તબદ્ધ માળખામાં આવી છૂટછાટ આપવી એ આગામી ચૂંટણીઓ પહેલા પાર્ટી માટે ઘાતક સાબિત થઈ શકે છે.

### શહેરની ગ્રાન્ટેડ સ્કૂલોમાં હાલ ઓડિટની કાર્યવાહી ચાલી રહી છે : મહેશ પાંડે

# ગ્રાન્ટેડ સ્કૂલનું નિયમિત ખાતાકીય ઓડિટ ન કરાવનારી સ્કૂલો સામે કાર્યવાહી થશે

**ઓડિટ** ન થવાના કારણે નાણાકીય હિસાબોની ચકાસણી થઈ શકતી નથી

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો પૈકી મોટાભાગની સ્કૂલો ખાતાકીય ઓડિટ કરાવવામાં ઉદાસીનતા દાખવતી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ પ્રકારનું વલણ દાખવનારી સ્કૂલો સામે હવે નોટિસ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે, વડોદરા શહેરમાં હાલ ઓડિટની કામગીરી ચાલુ છે. જે સમયસર ઓડિટ નહિ કરાવે તો તેમના વિરુદ્ધ ડીઈઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

દરેક ગ્રાન્ટેડ સ્કૂલોએ દરવર્ષે નિયમિત સમય મર્યાદામાં ઓડિટ કરાવવું પડે છે. જ્યારે ઓડિટ ન થવાના કારણે નાણાકીય હિસાબોની ચકાસણી થઈ શકતી નથી.

**નિર્ધારિત સમયમાં ઓડિટની કામગીરી પૂર્ણ નહિ કરેતો શિસ્ત ભંગના કડક પગલાં પણ લેવાશે**

માત્ર ગ્રાન્ટ અટકાવવી જ નહીં પરંતુ જો શાળાઓ નિર્ધારિત સમયગાળામાં હિસાબ આપવામાં નિષ્ફળ જશે તો તેમના વિરુદ્ધ શિસ્ત ભંગના કડક પગલાં પણ લેવામાં આવશે સરકારી નાણા નો દુરુપયોગ અટકાવવા અને શાળાઓના વહીવટમાં સચોટતા લાવવા માટે આ કાર્યવાહી અત્યંત મહત્વની છે હાલ વડોદરામાં ઓડિટની કામગીરી ચાલી રહી છે. જે શાળાઓ નિર્ધારિત સમય મુજબ ઓડિટ નહીં કરાવે તો તેમના વિરુદ્ધ શિસ્ત ભંગના કડક પગલાં પણ લેવામાં આવશે. **- મહેશ પાંડે,** ડીઈઓ

તાજેતરમાં જ કમિશનર ઓફ સ્કુલ દ્વારા જાહેર કરવામાં આવેલા એક પરિપત્રમાં એવી તાકીદ કરવામાં આવી હતી કે, ઓડિટ ન કરાવતી સ્કૂલો સામે કાર્યવાહી કરવામાં જિલ્લાઓની પણ ઉદાસીનતા જોવા મળી રહી છે. મહત્વની વાત એ છે કે, કેટલી સ્કૂલોમાં તો હજીએ કેટલાય વર્ષોનું ઓડિટ બાકી છે. જે સ્કૂલ સંચાલકોની આ પ્રકારની બેદરકારીને કારણે હવે જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા નિર્ધારિત સમયમાં ઓડિટની કામગીરી પૂર્ણ કરવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. જે સ્કૂલોએ હજી પણ આ કામગીરી પૂર્ણ નહીં કરે તો તેની સામે પગાર ગ્રાન્ટ અટકાવવાની કામગીરી પણ કરવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

# ગરમીના પારો 40 ડિગ્રી નજીક, 7 દિવસ જોર સતત વધતુ રહેશે

**પારો** વધીને 39.8 ડિગ્રીએ પહોંચ્યો ,તાપમાન 2 થી 3 ડીગ્રી વધવાની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

ઉનાળાનો અસલી મિજાજ હવે જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી તાપમાનની તાજેતરની આગાહી મુજબ આગામી સાત દિવસ દરમિયાન ગરમીનું જોર સતત વધતું રહેશે. પવનની દિશામાં થયેલા ફેરફારને કારણે ગરમીમાં આ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. વડોદરા શહેરમાં બુધવારે મહત્તમ પારો 39.4 ડિગ્રી નોંધાયો હતો. જે બીજા દિવસે ગુરુવારે વધીને 39.8 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે, લઘુત્તમ તાપમાન 24.8 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 35 ટકા અને સાંજે 24 ટકા નોંધાયું હતું. હાલ તો હવામાન વિભાગની ગરમીમાં વધારો થવાની આગાહી છે. તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે જેના પગલે આખરી ગરમીનો અનુભવ થશે. નોંધનીય છે કે, રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ અસહ્ય સ્તરે પહોંચ્યો છે. જાણે આકાશમાંથી અગનગોળા વરસી રહ્યાં હોય તેવી અનુભૂતિ લોકો કરી રહ્યા છે.

વાસ્તવમાં તાપમાનમાં સતત વધારો થવાને કારણે શહેરો અને ગામડાં બંનેમાં લોકો બપોરના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. સામાન્ય રીતે વાહનોથી ભરચક રહેતા માર્ગો પણ સુનસાન દેખાઈ રહ્યા છે અને ભરબપોરે જનતા કરફ્યુ જેવો માહોલ સર્જાયો છે. હવામાન વિભાગે આગામી 48 કલાક દરમિયાન તાપમાનમાં વધુ 2 થી 3 ડિગ્રી વધારાની શક્યતા વ્યક્ત કરી છે, જેના કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. વધતી ગરમીના કારણે લોકોમાં થાક, ચક્કર આવવા, તરસ વધારે લાગવી અને લૂ લાગવાના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે.

### વાઘોડિયામાં પ્રેમની પરાકાષ્ઠા અને માનવીય સંવેદનાઓને હચમચાવી દેતી ઘટના

# નર્મદા કેનાલમાં એકબીજાને ઓઢણીથી બાંધી પ્રેમી યુગલે લગાવી મોતની છલાંગ

(પ્રતિનિધિ) વડોદરા. તા.23

સાથે જીવી ન શક્યા તો સાથે મરીશું. આ શબ્દો માત્ર ફિલ્મી ડાયલોગ નથી, પરંતુ વડોદરાના વાઘોડિયા તાલુકાના સરણેજ ગામ નજીક બનેલી એક હૃદયદ્રાવક વાસ્તવિકતા બનીને સામે આવ્યા છે. પ્રેમની પરાકાષ્ઠા અને માનવીય સંવેદનાઓને હચમચાવી દેતી આ ઘટનામાં, એક પ્રેમી યુગલે દુનિયાની પરવા કર્યા વગર એકબીજાને ઓઢણીથી બાંધીને નર્મદા કેનાલના ઊંડા પાણીમાં ઝંપલાવીને પોતાની જીવનલીલા સંકેલી લીધી છે.

ઘટનાની જાણકારી મળતા જ્યારે પોલીસ અને સ્થાનિક રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી, ત્યારે જે દ્રશ્ય સામે આવ્યું તેણે ત્યાં ઉપસ્થિત દરેક વ્યક્તિની આંખો ભીની કરી દીધી હતી. બંને મૃતકોના હાથ એકબીજા સાથે ઓઢણી વડે અત્યંત મજબૂતીથી બાંધેલા હતા. મૃત્યુના મુખમાં જતા પહેલા આ યુગલે જે રીતે એકબીજાને જકડી રાખ્યા હતા, તે દર્શાવે છે કે તેમનો નિર્ણય કેટલો મક્કમ અને પીડાદાયક હતો. મોત પણ તેમની વચ્ચેનું આ અંતિમ બંધન તોડી શક્યું નહોતું. જરોદ પોલીસ સ્ટેશનના અધિકારીઓના જણાવ્યા અનુસાર, મૃતકોની ઉંમર અંદાજે 25 થી 30 વર્ષની હોવાનું જણાય છે. પ્રાથમિક તપાસમાં આ પગલું પ્રેમ પ્રકરણમાં ભરવામાં આવ્યું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. કદાચ સામાજિક વિરોધ, પારિવારિક દબાણ કે અન્ય કોઈ અંગત મજબૂરીના કારણે આ યુગલે જીવનનો ત્યાગ કરવાનું પસંદ કર્યું હશે. જોકે, પોલીસ હવે ટેકનિકલ પુરાવા અને મૃતકોના મોબાઈલ લોકેશન તથા ઓળખના આધારે આ સમગ્ર રહસ્ય પરથી પડદો ઉઠાવવાની કોશિશ કરી રહી છે. જરોદ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને પંચનામું પૂર્ણ કર્યું છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યા છે. નજીકના તમામ પોલીસ મથકોમાં ગૂમ થયેલા વ્યક્તિઓની યાદી તપાસવામાં આવી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જો કોઈ આ યુગલ વિશે માહિતી ધરાવતું હોય, તો તરત જ જાણ કરવા અપીલ કરવામાં આવી છે જેથી પરિવાર સુધી આ કરુણ સમાચાર પહોંચાડી શકાય. આ ઘટના સમાજ માટે એક લાલબત્તી સમાન છે. પ્રેમમાં અસફળતા કે માનસિક હતાશાને કારણે યુવા પેઢી તરફથી લેવાતા આવા પગલાં ચિંતાજનક છે. સામાજિક માળખામાં ક્યાંક ને ક્યાંક સંવાદની કમી અને માનસિક ટેકાનો અભાવ આ પ્રકારની કરુણાંતિકાઓને જન્મ આપી રહ્યો છે. અંતિમ શ્વાસ સુધી એકબીજાનો સાથ નિભાવનાર આ યુગલે ભલે દુનિયા છોડી દીધી હોય, પરંતુ તેમનો આ કરુણ અંજામ સમાજમાં અનેક સવાલો છોડી ગયો છે.

### ‘PM E-bus Sewa’ હેઠળ શહેરને હરિયાળું અને પ્રદુષણમુક્ત બનાવવાની દિશામાં એક ઐતિહાસિક કદમ

# વડોદરાની સડકો પર હવે દોડશે પ્રદુષણમુક્ત ‘ઈ-બસ’

**ગોત્રી** અને સયાજીગંજમાં તૈયાર થયા અત્યાધુનિક ચાર્જિંગ સ્ટેશન, શહેરને મળશે નવું ટ્રાન્સપોર્ટ હબ

(પ્રતિનિધિ) વડોદરા. તા.23

એક તરફ આધુનિકતા અને બીજી તરફ પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ. આ બંનેનું સંગમ હવે વડોદરાના રસ્તાઓ પર જોવા મળશે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કેન્દ્ર સરકારની અત્યંત મહત્વકાંક્ષી ‘PM E-bus Sewa’ હેઠળ શહેરને હરિયાળું અને પ્રદૂષણમુક્ત બનાવવાની દિશામાં એક ઐતિહાસિક કદમ ઉઠાવવામાં આવ્યું છે. શહેરના જાહેર પરિવહન ક્ષેત્રે હવે ‘ઈલેક્ટ્રિક યુગ’નો સૂર્યોદય થવા જઈ રહ્યો છે, જે નાગરિકો માટે મુસાફરીનો અનુભવ સંપૂર્ણપણે બદલી નાખશે.

શહેરમાં વધતા પ્રદૂષણને નિયંત્રિત કરવાના ભાગરૂપે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન જૂની CNG બસોને તબક્કાવાર રીતે વિદાય આપી રહી છે. પ્રથમ તબક્કામાં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલી 250 બસો પૈકી 42 અત્યાધુનિક ઈલેક્ટ્રિક બસો આગામી દિવસોમાં શહેરના મુખ્ય માર્ગો પર સરકતી જોવા મળશે. આ બસો માત્ર પર્યાવરણને અનુકૂળ નથી, પરંતુ તે સંપૂર્ણપણે ‘નોઈઝ પોલ્યુશન ફ્રી’ છે, જે શહેરના વાતાવરણને શાંત અને શુદ્ધ રાખવામાં મદદરૂપ થશે.

નવી ઈ-બસોમાં મુસાફરોની સુવિધા માટે જે પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે, તે કોઈપણ ખાનગી વાહન જેવી જ વૈભવી છે. હવે કાળઝાળ ગરમીમાં પણ મુસાફરો એર-કન્ડિશન્ડ બસોમાં ઠંડકનો અનુભવ કરી શકશે. હવે છૂટા પૈસાની ચિંતા છોડો, કેશલેસ ટિકિટિંગ અને ઓનલાઈન પાસની સુવિધા સાથે મુસાફરી હવે વધુ સરળ અને ઝડપી બનશે. મુસાફરોની, ખાસ કરીને મહિલા પ્રવાસીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. બસોમાં હાઈ-ડેફિનેશન CCTV કેમેરાનું નેટવર્ક હશે અને રાત્રિના સમયે પૂરતી રોશનીની વ્યવસ્થા કરવામાં આવી છે.

વડોદરાનું આ નવું પરિવહન તંત્ર ‘સૌના સાથ’ના વિચારને સાર્થક કરશે. દિવ્યાંગજનો માટે આ બસો આશીર્વાદરૂપ સાબિત થશે. બસમાં ખાસ વ્હીલચેર રેમ્પની સુવિધા છે, જે દિવ્યાંગોને કોઈપણ સહાય વિના બસમાં ચઢવા અને ઉતરવા માટે સક્ષમ બનાવશે. આ ઉપરાંત, બસની અંદર તેમના માટે અલાયદી અને સુરક્ષિત બેઠકો અનામત રાખવામાં આવી છે, જે તેમને એક સન્માનજનક મુસાફરીનો અનુભવ કરાવશે.

આ પ્રોજેક્ટ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તેટલું જ મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. શહેરના ગોત્રી અને સયાજીગંજ ખાતે અત્યાધુનિક ચાર્જિંગ સ્ટેશનો તૈયાર કરવામાં આવ્યા છે. ખાસ નોંધનીય છે કે, સયાજીગંજ રેલ્વે



**ટ્રાન્સપોર્ટ મેપમાં મોટુ પરિવર્તન આવશે**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આ આયોજનથી શહેરના ટ્રાન્સપોર્ટ મેપમાં મોટું પરિવર્તન આવશે. પ્રદૂષણમાં ઘટાડો, આધુનિક સુવિધાઓ અને સુરક્ષિત મુસાફરી. આ ત્રિવેણી સંગમ વડોદરાવાસીઓના જીવનની ગુણવત્તામાં ચોક્કસપણે વધારો કરશે. આગામી સમયમાં, જ્યારે આ ઈલેક્ટ્રિક બસો શહેરના રસ્તાઓ પર દોડતી થશે, ત્યારે તે સંસ્કારી નગરીની આધુનિક ઓળખને વધુ મજબૂત બનાવશે. વડોદરાવાસીઓ હવે એક એવી મુસાફરી માટે તૈયાર રહો જે આરામદાયક પણ છે અને પર્યાવરણને સાચવનારી પણ છે.

સ્ટેશનની સામે આવેલું જૂનું સિટી બસ સ્ટેન્ડ, જે દાયકાઓથી વડોદરાની ઓળખ રહ્યું છે, તે હવે આધુનિક ‘ઈલેક્ટ્રિક ચાર્જિંગ હબ’ તરીકે નવો અવતાર ધારણ કરશે. આ સ્થળ હવે માત્ર મુસાફરો માટે જ નહીં, પરંતુ નવી ટેક્નોલોજીના કેન્દ્ર તરીકે પણ જાણીતું બનશે.

### બઢતી અને નોકરીમાં કાયમી થવા માટે ટ્રિપલ સી પાસ કરવું ફરજિયાત

# GTUએ ફરીવાર ટ્રિપલ સી માટેની કાર્યવાહી શરૂ કરી,30મી સુધી રજિસ્ટ્રેશન થઈ શકશે

**ગતવર્ષે** 14 હજારથી વધારે ઉમેદવારોની મે માસથી શરૂ થયેલી પરીક્ષા ફેબ્રુઆરી સુધી ચાલી હતી

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

રાજ્યમાં સરકારી નોકરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા નવેસરથી આગામી એપ્રિલથી ટ્રિપલ સી પરીક્ષાના રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઉમેદવારો 30મી એપ્રિલ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા છેલ્લા લાંબા સમયથી ટ્રિપલ સી પરીક્ષા લેવામાં આવતી ન હોવાથી હજારો કર્મચારીઓને મુશ્કેલી પડી રહી હતી. બઢતી અને નોકરીમાં કાયમી થવા માટે ટ્રિપલ સી પાસ કરવું ફરજિયાત હોવાથી, પરીક્ષા ન લેવાતાં અનેક કર્મચારીઓના પ્રમોશન અટકી ગયા હતા. જીટીયુ દ્વારા ગત વર્ષે પણ આ જવાબદારી ઉપાડીને પરીક્ષા લેવામાં આવી હતી. મે 2025થી શરૂ થયેલી પરીક્ષા ફેબ્રુઆરી 2026 સુધી ચાલી હતી અને 14,000થી વધારે ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. શનિ-રવિવારે જ પરીક્ષાનું આયોજન થતું હોવાથી અને ઉમેદવારોની સંખ્યા વધુ હોવાથી પરીક્ષા પૂરી કરતાં 7થી 8 મહિના લાગી ગયા હતા. હાલમાં ગુજરાત યુનિવર્સિટીએ હજુ સુધી ટ્રિપલ સી પરીક્ષા ફરી શરૂ કરવા અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી. તેથી જીટીયુએ જ ફરીવાર આગળ આવીને નવેસરથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી દીધી છે. અત્યાર સુધીમાં 7,000થી વધુ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવી દીધું છે. છેલ્લી તારીખ 30 મી એપ્રિલ સુધીમાં આ આંકડો 10,000ને પાર થવાની શક્યતા છે. જીટીયુ દ્વારા મે મહિનાથી તબક્કાવાર પરીક્ષા લેવાનું આયોજન છે.